ખેડૂતોના હક માટે કોંગ્રેસના રાજ્યના ચાર ઝોનમાં ‘કિસાન અધિકાર ધરણાં’

રાજકોટ, મહેસાણા, વડોદરા અને બારડોલીમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને કોંગ્રેસના કાર્યકરો જોડાયા

અમિત ચાવડાએ દેવા માફી, પાક વીમો અને દુષ્કાળ જાહેર કરવાની માંગ કરી

ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ ચાલુ રાખવાની ચીમકી

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતોના હક અને અધિકારોના મુદ્દે પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજ્યના ચાર ઝોનમાં ‘કિસાન અધિકાર ધરણાં’ યોજવામાં આવ્યાં હતાં. રાજકોટ, મહેસાણા, વડોદરા અને બારડોલી ખાતે યોજાયેલા ધરણાંમાં મોટી સંખ્યામાં ખેડૂતો, કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. રાજકોટ ખાતે યોજાયેલા ધરણાંમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકારની ખેડૂત નીતિઓ સામે આકરા સવાલો ઉઠાવ્યા હતા.

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક 2022 સુધીમાં બમણી કરવાનું વચન આપ્યું હતું, પરંતુ આવક બમણી થવાને બદલે ખેતીનો ખર્ચ વધ્યો અને ખેડૂતોની આવક ઘટી છે. કુદરતી આફતો અને ખેતીના વધતા ખર્ચ વચ્ચે ખેડૂતો દેવાના બોજ હેઠળ પિસાઈ રહ્યા છે.

ખેડૂતોને દયા નહીં, ન્યાય અને આશ્વાસન નહીં, પરંતુ પોષણક્ષમ ભાવ તથા આર્થિક સુરક્ષા જોઈએ. અમિત ચાવડાએ સરકાર સમક્ષ અછતગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવા, ખેડૂતોનાં સંપૂર્ણ દેવાં માફ કરવા, પાક વીમા યોજના અમલમાં મૂકવા, ખેતરોમાં વીજ થાંભલા અને લાઈનના કારણે થયેલા નુકસાનનું વળતર ચૂકવવા તથા ખોટી જમીન માપણી રદ કરવાની માગ કરી છે. આ ઉપરાંત દુષ્કાળ સહાયના ધોરણોમાં વધારો, અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારો, પીવાનું પાણી અને રોજગારીનાં કામો શરૂ કરવાની પણ માગ કરવામાં આવી છે.

કોંગ્રેસએ સરકાર દ્વારા SDRFના નિયમો હેઠળ હેક્ટર દીઠ રૂ.8,500ની સહાય અને બે હેક્ટરની મર્યાદાને અપૂરતી ગણાવી હતી. ખેતીના વધતા ખર્ચની સરખામણીએ આ સહાય ખેડૂતોના નુકસાનની ભરપાઈ કરવા માટે પૂરતી નથી. કોંગ્રેસે સરકારને ખેડૂતોના નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરીને સમયમર્યાદામાં વાજબી આર્થિક સહાય ચૂકવવાની માગ કરી છે. ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ ચાલુ રાખવાની ચીમકી પણ આપવામાં આવી હતી.

સચિનમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા ત્રણ તબીબ ઝડપાયા

એક આરોપી સામે અગાઉ પણ બોગસ ડોક્ટરનો ગુનો નોંધાયો હતો

સુરત : સચિન વાંઝ અને સાંઈનાથ વિસ્તારમાં પોલીસ અને આરોગ્ય વિભાગે સંયુક્ત દરોડા પાડી ડિગ્રી કે લાયસન્સ વગર ક્લિનિક ચલાવતા ત્રણ બોગસ તબીબોને ઝડપી પાડ્યા હતા.

સચિન પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. વાઘેલાની આગેવાનીમાં પીએસઆઈ એન.ડી. ડામોર, સર્વેલન્સ સ્ટાફ અને જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની ટીમે સચીન વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. પોલીસની તપાસ દરમિયાન સચીન વાંઝના આકાશ કોમ્પ્લેક્સમાં ‘હોરી ગુરુચંદ’ નામે ક્લિનિક ચલાવતા અરૂણકાંતિ પ્રફુલકુમાર બિશ્વાસ (ઉ.વ. ૫૦)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં તે ધોરણ-૧૨ પાસ હોવાનું અને તેની સામે અગાઉ વર્ષ ૨૦૦૮માં પણ બોગસ ડોક્ટર તરીકેનો ગુનો નોંધાયો હોવાનું બહાર આવ્યું હતું.

આ જ વિસ્તારમાં વાંઝગામના આકાશ કોમ્પ્લેક્સમાં ‘માનવીક’ નામે ક્લિનિક ચલાવતા ચંદ્રેશકુમાર ભોલેનાથ પ્રજાપતિ (ઉ.વ. ૩૭) ને પણ ઝડપી લેવામાં આવ્યો હતો. તેણે BAMSનો અભ્યાસ કર્યો હોવાનું સામે આવ્યું હતું. જોકે, તેની પાસે એલોપેથિક તબીબી પ્રેક્ટિસ માટે જરૂરી સક્ષમ લાયકાત અને અધિકૃત નોંધણી ન હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જ્યારે સચિનના સાંઈનાથ સુડા, સેક્ટર-૩ના પ્લોટ નં. ૧૨૯માં ‘લક્ષ્મી ક્લિનિક’ ચલાવતા સુશાંત એસ/ઓ તપસ બિશ્વાસ (ઉ.વ. ૩૧) ને પણ પોલીસે ઝડપી પાડ્યો હતો. તે માત્ર ધોરણ-૧૨ પાસ હોવા છતાં ક્લિનિક ચલાવી દર્દીઓની સારવાર કરતો હોવાનું સામે આવ્યું હતું.ત્રણેય ક્લિનિકમાં આરોગ્ય વિભાગના અધિકારીઓની હાજરીમાં તપાસ કરતાં વિવિધ પ્રકારની એલોપેથિક દવાઓ, ઈન્જેક્શનો, સીરપ અને અન્ય મેડિકલ સાધનો ૭૧,૨૨૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બનાસકાંઠાથી ગુજરાતને 14 હજાર કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ

બે નવી ટ્રેન, મેટ્રો વિસ્તરણ અને 4 હજારથી વધુ આંગણવાડીઓનું લોકાર્પણ

બે બાયો-સીએનજી પ્લાન્ટનું ભૂમિપૂજન, ખેડૂતોના ખાતામાં પીએમ કિસાનનો 24મો હપ્તો જમા

ગાંધીનગરઃ બનાસકાંઠાથી ગુજરાતના વિકાસને નવી ગતિ આપતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બનાસકાંઠાના ભીલડી ખાતેથી રૂ.14 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને રાષ્ટ્રને સમર્પણ કર્યું હતું.

રેલવે અને મેટ્રો કનેક્ટિવિટીથી લઈને કૃષિ, પશુપાલન, ડેરી ઉદ્યોગ અને બાળકલ્યાણ સુધીના ક્ષેત્રોને આવરી લેતા આ પ્રોજેક્ટ્સમાં ગુજરાતને બે નવી રેલવે સેવાઓની ભેટ મળી છે, જ્યારે અમદાવાદ મેટ્રોના વિસ્તરણ અને અમદાવાદ-મહેસાણા હાઇવેને આઠ માર્ગીય બનાવવાની કામગીરીને પણ વેગ મળ્યો છે. આ ઉપરાંત, રાજ્યભરમાં 4 હજારથી વધુ આધુનિક આંગણવાડીઓનું લોકાર્પણ કરાયું છે.

બનાસ ડેરીના કુલ 407.56 કરોડના ત્રણ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પણ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યા હતા. બનાસ ડેરીના ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBRC), નવા પોટેટો એક્સપાન્શન પ્રોજેક્ટ અને UHT-ASRSનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જ્યારે થરાદ અને રાધનપુર ખાતે બે નવા કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રોજેક્ટ્સથી પશુઓની દેશી ઓલાદના સંવર્ધન, બટાકાની વધુ ખરીદી અને પશુપાલકોની આવક વધારવાની દિશામાં નવી તકો ઊભી થશે.

વડાપ્રધાને અમદાવાદ-વારાણસી સાબરમતી એક્સપ્રેસ અને મહેસાણા-બેચરાજી-સાબરમતી મેમુ ટ્રેનને લીલી ઝંડી આપી હતી. અમદાવાદ મેટ્રો દ્વારા ગિફ્ટ સિટી અને એરપોર્ટને જોડતા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે અમદાવાદ-મહેસાણા હાઇવેને ચાર માર્ગીયમાંથી આઠ માર્ગીય બનાવવાની કામગીરીને પણ આગળ વધારવામાં આવી રહી છે. આ પ્રસંગે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો 24મો હપ્તો પણ ખેડૂતોના ખાતામાં જમા કરાયો હતો.

દેશના 9.34 કરોડ ખેડૂતોને કુલ રૂ. 18,680 કરોડ અને ગુજરાતના 52.33 લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ.1,051 કરોડથી વધુની સહાય સીધી તેમના ખાતામાં પહોંચાડવામાં આવી હતી. આમ, માળખાકીય સુવિધાઓથી લઈને ખેતી અને ગ્રામ્ય અર્થતંત્ર સુધીના વિવિધ ક્ષેત્રોમાં વિકાસની અનેક પહેલો બનાસકાંઠાની ધરતી પરથી શરૂ થઈ હતી.

‘મોદીને હટાવવાના કારસાને 140 કરોડ દેશવાસીઓ જાકારો આપશેઃ હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભીલડી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિપક્ષ પર સીધા રાજકીય પ્રહાર કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાનને હટાવવાના કારસા થઈ રહ્યા છે, પરંતુ 140 કરોડ દેશવાસીઓ આ પ્રયાસોને જાકારો આપશે. સંઘવીએ જાહેર સભામાં સૂત્રોચ્ચાર સાથે કહ્યું હતું કે, ‘મોદી ક્યાંય નહીં જાય.’ હર્ષ સંઘવીએ બનાસકાંઠા સાથેના પોતાના પારિવારિક સંબંધોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, 50 વર્ષ પહેલાં પાણી અને વીજળીના અભાવે તેમના પરિવાર સહિત હજારો પરિવારોને ડીસા અને વતન છોડીને સ્થળાંતર કરવું પડ્યું હતું. પશુઓ માટે ઘાસચારો શોધવા અને પાણી મેળવવા માતા-બહેનોને દૂર સુધી ભટકવું પડતું હતું. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ધરતી પરથી બનાસકાંઠાને પછાત નહીં રહેવા દેવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, નર્મદાના નીર, સુજલામ સુફલામ કેનાલ અને ટપક સિંચાઈથી બનાસકાંઠાનું ભાગ્ય બદલાયું છે. વડાપ્રધાન અંગે વિપક્ષી નેતાઓની ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતાં સંઘવીએ આક્ષેપ કર્યો હતો કે, વિપક્ષે વડાપ્રધાનના સ્વર્ગસ્થ પિતાની ગરિમા પણ જાળવી નથી અને હવે તેમને હટાવવાના કારસા શરૂ કર્યા છે. તેમણે સભામાં ઉપસ્થિત લોકોને આ પ્રયાસોનો જાકારો આપવાનો સંદેશ આપતાં કહ્યું હતું કે, દેશવાસીઓ એક અવાજે કહેશે કે ‘મોદી ક્યાંય નહીં જાય.’

‘ગુજરાતમાં સામર્થ્ય હતું, મોદીએ દિશા અને ગતિ આપી’: ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભીલડી ખાતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું ત્યારથી પડકારોને અવસરમાં ફેરવી વિકાસને નવી દિશા અને ગતિ આપી છે. ખેડૂત કલ્યાણના કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વડાપ્રધાનની પ્રેરણાથી રાષ્ટ્રને ૧૪,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોની ભેટ મળી હોવાનું પણ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને સમગ્ર ગુજરાત વતી અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, 7 ઓક્ટોબર, 2001થી ગુજરાતમાં શરૂ થયેલી સેવા, સમર્પણ અને સુશાસનની યાત્રા આજે દેશને વિશ્વની ત્રીજી મોટી આર્થિક સત્તા બનવા તરફ આગળ વધારી રહી છે. 25 વર્ષની જાહેર સેવાની સિદ્ધિ બાદ પ્રથમવાર વતનભૂમિ પર આવેલા વડાપ્રધાનનું મુખ્યમંત્રીએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ ગુજરાતનું સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે વીજળી, પાણી અને રસ્તા સહિતના અનેક પડકારો હતા. પરંતુ ‘ગુજરાતમાં સામર્થ્ય છે, માત્ર તેને દિશા અને ગતિ આપવાની છે’ એવા મંત્ર સાથે તેમણે આ પડકારોને વિકાસની તકોમાં ફેરવ્યા. આજે સોલર રૂફટોપ, પુનઃપ્રાપ્ય ઊર્જા અને ગ્રીન ગ્રોથ જેવા ક્ષેત્રોમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

સ્ટેશન પર મોબાઈલ ચોરીની શંકાએ હત્યાઃ સ્ટોલ સંચાલક મિત્ર પકડાયો

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર મોબાઈલ ચોરીની શંકામાં એક આધેડને માર મારી મોતને ઘાટ ઉતાર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

સુરત શહેરના ડિંડોલી ખાતે આવેલા શિવદયા બંગલોમાં રહેતા નીતિન ઉમેદલાલ ઠક્કર (ઉં.વ.47) તા.28 ઓક્ટોબરના રોજ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-4ના ઉત્તર છેડા પાસે કોઈ કારણસર મરણ હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે રેલવે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. બીજી બાજુ સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ દરમિયાન નીતિન ઠક્કરને સખત માર મારવામાં આવ્યો હોવાના કારણે તેમનું મોત થયું હોવાનું સામે આવ્યું હતું. જેથી રેલવે પોલીસે હત્યાના એંગલથી તપાસ શરૂ કરી હતી. સ્ટેશન પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં પોલીસને મહત્વની કડીઓ મળી હતી.

પશ્ચિમ રેલ્વેના Dy SP ડી. એચ. ગૌરે જણાવ્યું હતું કે, ઝડપાયેલા આરોપી આકાશ રહ્યું દાયમાની રેલવે સ્ટેશન પર નાસ્તાનો સ્ટોલ ચલાવે છે. તેનો મોબાઈલ ફોન ગાયબ થઈ ગયો હતો. આ મોબાઈલ નીતિન ઠક્કરે ચોરી કર્યો હોવાની તેને શંકા હતી. આ શંકાના આધારે આકાશે નીતિન ઠક્કરને માર માર્યો હતો. મારામારીમાં નીતિનને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. રેલવે પોલીસે હત્યાના ગુનામાં આરોપી આકાશની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

ટેક્સટાઈલ માર્કેટમાં પ્લાનિંગથી ઉઠમણાં કરતી ટોળકીઓ સામે ગુજસીટોક લાગુ કરો

મુખ્યમંત્રી અને કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રી સમક્ષ ચેમ્બર પ્રમુખની રજૂઆત

પોલીસ કમિશનર અને એસપીને એકસમાન માર્ગદર્શિકા આપવા અનુરોધ

સુરત : સુરત સહિત ગુજરાતભરની ટેક્સટાઈલ માર્કેટોમાં વેપારી વિશ્વાસ અને ક્રેડિટ સિસ્ટમનો દુરુપયોગ કરી કરોડો રૂપિયાનું કાપડ ઉધારમાં મેળવી પેઢીઓ બંધ કરીને ફરાર થઈ જતી આયોજનબદ્ધ ટોળકીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ SGCCI દ્વારા કરવામાં આવી છે. આવા રીઢા આર્થિક ગુનેગારો સામે ગુજસીટોક એક્ટ હેઠળ કાર્યવાહી કરવા ચેમ્બર દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરાઈ છે.

ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાની આગેવાનીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહને રૂબરૂ મળી આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

જેમાં જણાવ્યું હતું કે, ટેક્સટાઈલ વેપારમાં પ્રથમ ત્રણથી ચાર વ્યવહારોનું પેમેન્ટ સમયસર ચૂકવી વેપારીઓનો વિશ્વાસ જીતવામાં આવે છે. ત્યારબાદ વિવિધ સપ્લાયર્સ પાસેથી કરોડો રૂપિયાનું કાપડ ઉધાર મેળવી પેઢી બંધ કરીને રાતોરાત ઉઠમણું કરી દેવાય છે. બોગસ વ્યક્તિઓના નામે પેઢીઓ ઊભી કરી પડદા પાછળથી સમગ્ર કૌભાંડ ચલાવતી ટોળકીઓ વેપાર જગતને મોટું નુકસાન પહોંચાડી રહી છે. આવી ઘટનાઓને સામાન્ય સિવિલ કે કોમર્શિયલ વિવાદ ગણવાને બદલે સંગઠિત આર્થિક અપરાધ તરીકે જોવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

ઉઠમણાંની અસર કામદારો, શ્રમિકો અને ફેરિયાઓની રોજીરોટી પર થાય છે

ચેમ્બરે જણાવ્યું હતું કે, ઉઠમણાંની અસર માત્ર કાપડ વેપારીઓ પૂરતી મર્યાદિત રહેતી નથી. વીવિંગ અને પ્રોસેસિંગ એકમો, કમિશન એજન્ટો, ટ્રાન્સપોર્ટર્સ, પેકિંગ કામદારો, શ્રમિકો અને નાના ફેરિયાઓની રોજીરોટી પણ જોખમાય છે. ચેમ્બરે GUJCTOCની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવા ઉપરાંત રાજ્યના તમામ પોલીસ કમિશનરો, જિલ્લા પોલીસ વડાઓ અને પોલીસ મથકો માટે એકસમાન માર્ગદર્શિકા જાહેર કરવાની માગ કરી છે. આવેદનપત્રની નકલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પણ મોકલી ત્વરિત પગલાં લેવા અનુરોધ કરાયો છે.

મહેસૂલી કર્મચારીઓની હડતાળ બાદ વધેલી પેન્ડન્સીનો મુદ્દો ગરમાયો

મહેસૂલ સંબંધિત કામોમાં અરજદારોને કેટલી મુશ્કેલી? અધિક મુખ્ય સચિવ દ્વારા સમીક્ષા

ILR અને મામલતદાર કચેરી વચ્ચે અટવાતી અરજીઓનો મુદ્દો અધિક મુખ્ય સચિવની સમીક્ષામાં ઊઠ્યો

સુરતઃ સુરતની કલેક્ટર કચેરી ખાતે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવજયંતી એસ. રવિ, દ્વારા સત્તાવાર મુલાકાત લઈને વહીવટી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મહેસૂલી કર્મચારીઓની હડતાળ બાદ વધેલી કામની પેન્ડન્સી ઉપરાંત જમીન મહેસૂલને લગતી નોંધ પાડવાની કામગીરીમાં અરજદારોને પડતી મુશ્કેલીઓનો મુદ્દો પણ મહત્ત્વનો રહ્યો હતો. ખાસ કરીને આઈએલઆર (ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્સ) અને મામલતદાર કચેરી વચ્ચે અરજદારો અટવાઈ જતા હોવાની સમસ્યાની ચર્ચા થઈ હતી.

જમીનના બિનખેતીની તથા હક્કપત્રકમાં નોંધ પાડવા સહિતની કામગીરી માટે અરજદારોને આઈએલઆર અને મામલતદાર કચેરી વચ્ચે ધક્કા ખાવા પડતા હોવાની ફરિયાદો વચ્ચે આ મુદ્દો સમીક્ષા દરમિયાન ચર્ચામાં આવ્યો હતો.

અધિક મુખ્ય સચિવની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વહીવટી કામગીરીની સમીક્ષા, વિભાગો વચ્ચે સંકલન વધારવું અને નાગરિકોને સમયસર સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો. આ સમીક્ષા બાદ નોંધની પેન્ડિંગ અરજીઓનો નિકાલ કેટલી ઝડપથી થાય છે અને આઈએલઆર-મામલતદાર કચેરી વચ્ચે અટવાતા અરજદારોને કેટલી રાહત મળે છે તેના પર નજર રહેશે.

GSTની કાર્યવાહી પહેલાં વેપારીઓને પ્રિ-શો કોઝ નોટિસ આપવી પડશે

DRC-01A ફોર્મ હેઠળ ટેક્સ, વ્યાજ અને દંડની સંપૂર્ણ ગણતરી સાથે નોટિસ અપાશે

CAITની રજૂઆત બાદ રાહત, વેપારીઓને જવાબ રજૂ કરી ભૂલ સુધારવાની તક મળશે

સુરત : GSTની જટિલ પ્રક્રિયા અને કરવેરા સંબંધિત નોટિસોને કારણે વેપારીઓને પડતી મુશ્કેલીઓના મુદ્દે CAIT દ્વારા કેન્દ્રીય નાણાં મંત્રી સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોના પગલે સરકારે GSTની કાર્યવાહી સંબંધિત પ્રક્રિયામાં વેપારીઓને રાહત આપતી જોગવાઈઓ અમલમાં મૂકી હોવાનો દાવો CAIT દ્વારા કરવામાં આવ્યો છે. ખાસ કરીને હવે વેપારીઓ સામે સીધી શો કોઝ નોટિસ અને કાર્યવાહી કરવાને બદલે પ્રથમ તબક્કે પ્રી-શો કોઝ નોટિસ આપવાની પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવ્યો છે.

CAIT ગુજરાતના ચેરમેન પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે, નવી પ્રક્રિયા હેઠળ વેપારીને GST-DRC-01A ફોર્મ મારફતે પ્રિ-શો કોઝ નોટિસ આપવામાં આવશે. આ નોટિસમાં વેપારી પાસેથી કેટલો ટેક્સ બાકી હોવાનું જણાય છે, તે કયા સમયગાળાનો છે તેમજ તેના પર કેટલું વ્યાજ અને દંડ લાગુ પડે છે તેની સંપૂર્ણ વિગતો અને ગણતરી દર્શાવવી પડશે. જો વેપારી નોટિસ મળ્યા બાદ બાકી રહેતો ટેક્સ અને વ્યાજ તાત્કાલિક ભરી દે તો લાગુ પડતી કાનૂની જોગવાઈઓને આધીન મોટા દંડમાંથી રાહત મળી શકે છે. બીજી તરફ, નોટિસમાં દર્શાવેલી ટેક્સની ગણતરી કે અન્ય વિગતો ખોટી જણાય તો વેપારી જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે લેખિત ખુલાસો રજૂ કરીને પોતાનો પક્ષ રજૂ કરી શકશે.

વેપારીઓની મુશ્કેલીઓમાં ઘટાડો થવાની આશા

CAITના જણાવ્યા મુજબ, સરકારની આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ નાની ટેક્નિકલ ભૂલો કે ગણતરીની વિસંગતતાઓના આધારે વેપારીઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી થતી અટકાવવાનો અને તેમને પોતાની ભૂલ સુધારવાની તક આપવાનો છે. GSTની જટિલ પ્રક્રિયાઓ વચ્ચે નાના અને મધ્યમ વેપારીઓને વારંવાર નોટિસો મળવાથી થતી માનસિક અને આર્થિક મુશ્કેલીઓમાં આ પ્રક્રિયાથી ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. વેપારીઓને પણ GSTની નોટિસ મળ્યે તેની વિગતોની ચકાસણી કરી સમયમર્યાદામાં યોગ્ય જવાબ અને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા અપીલ કરવામાં આવી છે.

GST વસૂલીને NIL રિટર્ન ભરવા પર પણ લાગશે દંડ : GSTAT

ગ્રાહક પાસે વસૂલેલી રકમ તરત સરકારી તિજોરીમાં જમા કરાવવી પડે

સુરતઃ GST કાયદા હેઠળ કરચોરી કરતા વેપારીઓ માટે GSTAT એ લાલબત્તી સમાન ચુકાદો આપ્યો છે. જો કોઈ રજિસ્ટર્ડ સપ્લાયર ગ્રાહક પાસેથી GST વસૂલે છે પણ રિટર્નમાં NIL બતાવે છે અથવા રિટર્ન જ ફાઈલ નથી કરતો, તો તેની સામે કલમ 76 હેઠળ પેનલ્ટી લાગશે.

GSTAT ની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે કલમ 76(1) દરેક વ્યક્તિને લાગુ પડે છે જેણે GST તરીકે રકમ વસૂલી હોય અને સરકારમાં જમા ન કરાવી હોય. આ કાયદો માત્ર બિન-રજિસ્ટર્ડ વ્યક્તિ કે અનઅધિકૃત વસૂલાત પૂરતો મર્યાદિત નથી.

કેસમાં એક રજિસ્ટર્ડ સપ્લાયરે કાયદેસરના ઈન્વોઈસ દ્વારા GST વસૂલ્યું હતું, પરંતુ GSTR-1 અને GSTR-3B માં NIL રિટર્ન ફાઈલ કર્યું અથવા રિટર્ન જ ભર્યું નહીં અને વસૂલેલો ટેક્સ સરકારને જમા કરાવ્યો નહીં.

વેપારીએ દલીલ કરી હતી કે તે રજિસ્ટર્ડ છે અને સપ્લાય ટેક્સેબલ છે કે નહીં તે જોવું જોઈએ, પરંતુ ટ્રિબ્યુનલે દલીલ ફગાવી દીધી. ટ્રિબ્યુનલે કહ્યું કે, એકવાર તમે ગ્રાહક પાસેથી GST તરીકે રકમ વસૂલી લીધી, તો તમારે તે તરત જ સરકારી તિજોરીમાં જમા કરાવવી જ પડે, ભલે તે સપ્લાય ટેક્સેબલ હોય કે ન હોય.

જો જમા નહીં કરાવો તો વસૂલેલી રકમ જેટલી જ પેનલ્ટી અને વ્યાજ વસૂલવામાં આવશે. આ ચુકાદા સાથે પ્રથમ અપીલમાં રદ કરાયેલી પેનલ્ટીને GSTAT એ પુનઃસ્થાપિત કરી છે. આ ચુકાદાથી એ સ્પષ્ટ થયું છે કે GST વસૂલીને સરકારમાં જમા ન કરાવવું એ ગંભીર ગુનો છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

SOU: ક્રુઝ,...

7:10 કલાકે દેશજોગ સંબોધન કરશે. ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને ઉજાગર કરતું ‘ભારત પર્વ-2026’ 31 ઓક્ટોબરથી 15 નવેમ્બર સુધી યોજાશે. આ મહોત્સવમાં દેશનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પોતાની આગવી સંસ્કૃતિ, લોકકલા, પરંપરાગત વાનગીઓ, હસ્તકળા અને પ્રવાસન સ્થળો રજૂ કરવા માટે મંચ મળશે. આ આયોજનથી એકતાનગર અને આસપાસના વિસ્તારોમાં પ્રવાસનને પણ વેગ મળવાની અપેક્ષા છે. વડાપ્રધાન ‘એકતા પ્રકાશ પર્વ’ના પણ સાક્ષી બનશે. રાત્રિ પ્રવાસનને પ્રોત્સાહન આપતા આ લાઈટિંગ મહોત્સવમાં 530 મીટર લાંબો ‘વેલી ઓફ ફ્લાવર્સ’ રોડ અને 180 મીટર લાંબી ગ્લો ટનલ મુખ્ય આકર્ષણ રહેશે. ‘પ્રાચીન ભારતથી આધુનિક ભારત’ની થીમ પર રોડ ઈલ્યુમિનેશનમાં ભારતની રાષ્ટ્રીય ઓળખ, સભ્યતા, મહિલા સશક્તિકરણ, સુરક્ષા દળો, ટેકનોલોજી અને યોગ સહિતનાં વિષયો રજૂ કરાશે. જ્યારે ‘ભારતની વિવિધતામાં એકતા’ની થીમ ધરાવતી ગ્લો ટનલમાં દેશના ચારેય પ્રદેશોની સંસ્કૃતિ, સ્થાપત્ય, લોકનૃત્યો, હસ્તકળા અને જીવનશૈલીનો અનુભવ પ્રવાસીઓને મળશે. આ સમગ્ર આયોજનમાં 1.5 કરોડથી વધુ LED લાઈટ્સનો ઉપયોગ કરાયો છે.

એકતા પરેડમાં...

આ ઉપરાંત ‘વંદે માતરમ્’ કેન્દ્રિત ઝાંખીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. દેશભરમાંથી આશરે 5 હજાર કલાકારોની ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિમાં વિવિધ શાસ્ત્રીય અને લોકનૃત્યો, સંગીત તથા કલાત્મક પરંપરાઓની ઝલક જોવા મળશે.

પ્રવાસન અને...

પણ ખુલ્લાં મુકાશે.આ ઉપરાંત રૂ. 118.88 કરોડના ખર્ચે હાથ ધરાનારા આઠ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. તેમાં રૂ. 59.32 કરોડનો ગોરા-ભાણદ્રા રોડ, રૂ. 7.72 કરોડનો ખલવાણી બ્રિજ, કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડનનો સંકલિત વિકાસ, રૂ. 36.58 કરોડનો સ્માર્ટ ઝીરો વેસ્ટ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ અને રૂ. 5.15 કરોડનો ખલવાણી ઇકો ટુરિઝમ પ્રોજેક્ટ સામેલ છે. સરદાર સરોવર ડેમની સુરક્ષા અને આપાતકાલીન વ્યવસ્થાપન માટે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનું નિર્માણ પણ આ વિકાસકાર્યોમાં સામેલ છે.

સામી દિવાળીએ...

મૂકવામાં આવ્યો છે. બેંકોને તેમની કુલ માંગ સામે માત્ર ૧૦ ટકા જેટલો જ નવો પુરવઠો ફાળવવામાં આવતાં ગ્રાહકોની જરૂરિયાત સંતોષવી બેંક સંચાલકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. ખાસ કરીને બજારમાં સૌથી વધુ ચલણમાં રહેતી રૂ. ૧૦ અને રૂ. ૨૦ની નવી નોટોની અછત સૌથી ગંભીર બની છે.ગુજરાતમાં દિવાળીનો તહેવાર ધાર્મિક અને વ્યાપારિક દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. કર્મચારીઓને બોનસ ચૂકવવા, ભેટ-સોગાદો આપવા તેમજ ધનતેરસ અને લક્ષ્મીપૂજન જેવી ધાર્મિક વિવિધિઓમાં નવી ચલણી નોટો વાપરવાની પરંપરા છે. આ પરંપરાને પગલે વેપારીઓ અને નાગરિકો સહકારી બેંકોનો સંપર્ક કરતા હોય છે. દક્ષિણ ગુજરાતમાં દર વર્ષે દિવાળી ટાણે અંદાજે રૂ. ૧૦૦ કરોડ જેટલી નવી નોટોની જરૂરિયાત ઊભી થાય છે. જોકે, આ વખતે પૂરતો જથ્થો ન મળતાં મોટાભાગની સહકારી બેંકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

સુરતમાં કરન્સી ચેસ્ટ છતાં અમદાવાદના ધક્કા કેમ?

સુરતમાં સહકારી અને ખાનગી બેંકો પાસે સુસજ્જ કરન્સી ચેસ્ટ ઉપલબ્ધ હોવા છતાં દર વર્ષે નવી નોટો લેવા માટે બેંકોને અમદાવાદ સુધી દોડવું પડે છે. અમદાવાદથી સુરત સુધી રોડ માર્ગે કરોડો રૂપિયાની નવી કરન્સી લાવવામાં ભારે સુરક્ષા જોખમ રહેલું છે, ઉપરાંત નાની સહકારી બેંકો પર આ પરિવહનનો મોટો આર્થિક બોજ પણ પડે છે. બેંકિંગ અગ્રણીઓનો આક્ષેપ છે કે આરબીઆઈ અને અમદાવાદની સિન્ડિકેટ દ્વારા સુરતની બેંકોની ડિપોઝિટ સામે પૂરતો જથ્થો ફાળવવામાં આવતો નથી. પરિણામે દર વર્ષે માત્ર દક્ષિણ ગુજરાતમાં જ નવી નોટો માટે બૂમરાણ મચે છે. જો સુરતની કરન્સી ચેસ્ટ ધરાવતી બેંકોને જ સીધી નવી નોટો ફાળવી દેવામાં આવે, તો ડિપોઝિટ મુજબ સ્થાનિક સ્તરે જ વિતરણ થઈ શકે અને દર વર્ષે સર્જાતી આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે. હાલ પૂરતો પુરવઠો ન વધે ત્યાં સુધી બેંકો માટે તમામ ગ્રાહકોને સંતોષવા અશક્ય જણાતાં, નાગરિકો પણ નવી નોટોનો આગ્રહ રાખવાને બદલે ઉપલબ્ધ ચલણી નોટોથી વ્યવહાર ચલાવે તેવો અનુરોધ કરવામાં આવી રહ્યો છે

RBI સમક્ષ...

તાત્કાલિક વધારાની ૪૦ ટકા કરન્સી ફાળવવા માંગ કરી છે. સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેન્ક્સ એસોસિએશન લિમિટેડ (સ્કોબા)ના પ્રમુખ ગૌતમ યુ. વ્યાસ તથા તત્કાલીન પ્રમુખ મુકેશ એન. ગજ્જરે અમદાવાદ સ્થિત આરબીઆઈના રિજિયોનલ ડિરેક્ટરને પત્ર પાઠવી પૂરતો જથ્થો આપવા વિનંતી કરી છે. સ્કોબાએ ખાતરી આપી છે કે ફાળવવામાં આવનારી નોટોનું વિતરણ આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ નિયમબદ્ધ જ કરાશે.

વીજ કટોકટીને...

આખરે શાસકોને કરકસર યાદ આવી છે. પ્રજાના પૈસે થતા આંધળા ખર્ચ સામે ચારેય તરફથી ટીકાઓ થયા બાદ સ્ટેન્ડિંગ કમિટીએ અગાઉનું રૂ.૭૨.૪૦ લાખનું ખર્ચાળ આયોજન ફેરવી તોળ્યું છે. હવે માત્ર રૂ.૧૦ લાખના અંદાજિત ખર્ચે તાપી નદીના ૧૧ બ્રિજ પર મર્યાદિત સમય માટે જ રોશની કરવામાં આવશે, જેનાથી પાલિકાની તિજોરી પરનો રૂ.૬૨ લાખનો બોજ ઘટશે અને વીજળીની પણ નોંધપાત્ર બચત થશે.

તંત્ર દ્વારા અગાઉ તમામ સરકારી ઇમારતો પર રોશનીનું આયોજન હતું

દિવાળી પર્વ દરમિયાન મનપા દ્વારા દર વર્ષે મુખ્ય કચેરી, ઝોન કચેરીઓ, વોર્ડ ઓફિસ, અર્બન હેલ્થ સેન્ટરો અને બ્રિજ સહિતની તમામ મિલકતો પર રોશની કરવામાં આવતી હોય છે. આ વર્ષે પણ તે માટે રૂ.૭૨.૪૦ લાખના ખર્ચની દરખાસ્ત મૂકાઈ હતી. જોકે, એક તરફ લોકોને વીજળી બચાવવાની સલાહ અપાતી હોય અને બીજી તરફ પાલિકા પોતે લાખો રૂપિયાનો ધુમાડો કરતી હોય તે મુદ્દે વિરોધ વંટોળ ઊભો થયો હતો. દરમિયાન અમદાવાદ મહાનગરપાલિકાએ પણ રોશની મર્યાદિત રાખવાનો નિર્ણય કરતાં સુરત મનપાના શાસકોએ પણ પોતાનું આયોજન બદલવાની ફરજ પડી હતી.

બ્રિજના જોઈન્ટ્સની...

આગની લપટો બહાર ફેંકાતી જોઈ રસ્તા પર દોડતા વાહનો થંભી ગયા હતા. સ્થિતિ ગંભીર બનતી જોઈ કેટલાક જાગૃત નાગરિકોએ તુરંત ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ સ્થાનિક ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

પાલિકાના લાઈટ વિભાગે બળેલો કેબલ બદલી વાહનવ્યવહાર સામાન્ય કર્યો

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાના લાઈટ વિભાગને જાણ કરવામાં આવી હતી. પાલિકાની ટેકનિકલ ટીમે ઘટનાસ્થળે પહોંચી બળીને ક્ષતિગ્રસ્ત થઈ ગયેલા વીજ વાયરને તાત્કાલિક હટાવી નવો કેબલ લગાવ્યો હતો. તંત્રની સતર્કતાથી સમયસર આગ કાબૂમાં આવી જતાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને ટૂંક સમયમાં જ બ્રિજ પરનો ટ્રાફિક રાબેતા મુજબ શરૂ કરી દેવાયો હતો.

ઓવરલોડિંગને...

ઓવરલોડિંગ સર્જાવાને કારણે કેબલ અતિશય ગરમ થઈ ગયો હતો, જેના લીધે અંદર શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. જોઈન્ટ સાંકડો હોવાથી આગની જ્વાળાઓ સીધી ડામર-કોંક્રિટના રોડ પર બહાર નીકળવા લાગી હતી.

VNSGUમાં કોલેજ ટ્રાન્સફર માટે ૧ નવેમ્બરથી અરજી કરી શકાશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના દ્વિતીય સત્રમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે કોલેજ ટ્રાન્સફરની પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે. NCF-NEP અભ્યાસક્રમ હેઠળ સેમેસ્ટર-૨, ૪ અને ૬ તેમજ NCF-NEP (ફોર્થ યર ઓનર્સ)ના સેમેસ્ટર-૮ના વિદ્યાર્થીઓ ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. વિદ્યાર્થીઓએ vnsgu.net પર SPID અને પાસવર્ડથી લૉગિન કરીને ડેશબોર્ડમાં ‘College Transfer Application’ વિકલ્પ પસંદ કરવાનો રહેશે. ટ્રાન્સફર માટે ઓછામાં ઓછી એક અને વધુમાં વધુ પાંચ કોલેજ પસંદ કરી શકાશે. પસંદગીની કોલેજમાં બેઠક ખાલી હશે તો જ મેરિટના આધારે ટ્રાન્સફર મળશે. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ માટે ધોરણ-૧૨નું, સેમેસ્ટર-૪ માટે સેમેસ્ટર-૨નું, સેમેસ્ટર-૬ માટે સેમેસ્ટર-૪નું અને સેમેસ્ટર-૮ માટે સેમેસ્ટર-૬નું ઓવરઓલ મેરિટ ગણાશે. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ માટે ગ્રેજ્યુએશનનું અને સેમેસ્ટર-૪ માટે સેમેસ્ટર-૨નું મેરિટ ધ્યાનમાં લેવાશે. લાગુ પડતા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પોતાની જ કોલેજમાં હાયર ફીમાંથી લોઅર ફી કેટેગરીમાં બદલાવ માટે પણ અરજી કરી શકાશે.

ફાઈનલ એલોટમેન્ટ બાદ મૂળ કોલેજમાં પરત ફરી શકાશે નહીં

અરજી કરતી વખતે ઉપલબ્ધ ટકાવારી ગણાશે. નિયત સમયમર્યાદામાં ફરી અરજી કરતાં પરિણામમાં સુધારો થયો હોય તો નવી ટકાવારી ધ્યાનમાં લેવાશે. વિદ્યાર્થીઓએ દરરોજ ડેશબોર્ડ ચેક કરવાનું રહેશે. કોલેજ દ્વારા વેરિફિકેશન બાદ ફાઈનલ એલોટમેન્ટ થઈ જાય પછી મૂળ કોલેજમાં પરત ફરી શકાશે નહીં. મેજર-માઇનોર વિષય બદલી ટ્રાન્સફર મેળવવા માટે અગાઉના સેમેસ્ટરના સંબંધિત વિષયોની પરીક્ષા આપવાની શરતે મંજૂરી મળી શકશે.